જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૨/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૧૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૬ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૭૪૦ લીટર દેશી દારૂ અને ૦૧ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૧૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૨૫૧૩/૧૭**

**સાબરમતી :** આશિષ મોહનલાલ સોની (રહે,શાંતિદીપ એપાર્ટમેન્ટ, ન્યુ રાણીપ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૧૭ રાતના ૯/૦૦ થી તા.૧૪/૧૨/૧૭ સવારનાં ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ન્યુ રાણીપ મલાપ રેસીડેંસીમાં આવેલપોતાની મહાલક્ષ્મી જ્વેલસ નામની દુકાનનું શટર ઉંચુ કરી, દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-, સોનાના દાગીના કિંમત રૂપિયા ૮૦,૦૦૦/-, ઇમીટેશન સેટ કિંમત રૂપિયા ૪,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૩,૧૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૭,૧૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એમ.એમ.સોલંકી ચલાવે છે.

**લુંટ :- સમાચાર યાદી નં.૨૫૧૪/૧૭**

**ઓઢવ :** દિલાવરઅલી અકબરઅલી શેખ (રહે,સાંઇબાબા એપાર્ટમેન્ટ અમુલ પાર્લરની સામે, બંગલા એરીયા કુબેરનગર) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૨/૧૭ ના કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ સોનીની ચાલી બીઆરટીએસ બસ સ્ટેશન ઉપરથી વિરાટનગર ચાર રસ્તાની વચ્ચે રોડ ઉપર એક મોટર સાયકલ નંબર જીજે.૨૭.એ.આર.૬૫૯૫ ઉપર આવેલા બે અજાણ્યા ઇસમો (૨૮ થી ૩૦ વર્ષના આશરાના) ભેગામળી દિલાવરઅલી ના હાથમાંથી ઓપો કંપની નો મોબાઇલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા મોટર સાયકલ પાછળ બેસેલ ઇસમે દિલાવરઅલી ને મોઢાના જમણા ભાગે ચપ્પા નો ઘા મારી, તેમના ગળા માં પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપીયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ કુલ રૂપિયા ૪૦,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૫૧૫/૧૭**

**નારોલ :** પુજાબેન વા/ઓ મુકેશભાઇ ભાભોર (રહે,ઉમંગ ફ્લેટ લક્ષ્મીનગરની બાજુમા રંગોલીનગર નારોલ) તા.૭/૧૨/૧૭ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાઇમસ બંધ થઇ જતા પ્રાઇમસ માં પંપ તથા પીન મારી દિવાસળી થી પ્રાઇમસ સળગાવવા જતા એકદમ ભડકો થતાં, પહેરેલ ડ્રેસ માં આગ લાગતા, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, તેઓના પતિ આગ ઓલવવા જતા તેઓ પણ મોઢા તેમજ હાથના ભાગે દાજી જતા, સારવાર અર્થે પુજાબેનને એલ.જી.હોસ્પીટલ માં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૧૨/૨૦૧૭ ના કલાક ૦૨/૦૦ વાગે ફરજ પર ના ડો.શ્રી એ પુજાબેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન નાઓ ચલાવે છે.

**પહેલા માળેથી પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૫૧૬/૧૭**

**દરીયાપુર :** પવનભાઈ હીરાલાલ ડોડિયા (ઉ.વ.૨૯)(રહે,શ્રી રામજીની પોળ, વાડીગામ, દરિયાપુર) તા.૧૩/૧૨/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે દરિયાપુર નગીનાપોળ મકાન નુ રીપેરીંગ કામ કરતા હતા ત્યારે પહેલા માળેથી પડી જતા, શરીરે ગંભીર ઈજાઓ થતા, સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૨/૨૦૧૭ રાતના ૧૦/૪૦ વાગે તેમનું મૃત્યુનિપજ્યુ હતુ આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ચારેલ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સીટી:** સંયમ રાકેશ ગોયલ (ઉ.વ.૨૦)(રહે,શંકર સોસાયટી, ચાણક્ય IAS એકેડમી ની બાજુમાં, નવરંગપુરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે અમદાવાદ યુનિવર્સીટી કેમ્પસમાં આવેલ સ્કુલ ઓફ એન્જીનીયરીંગ એન્ડ એબાયડ સાયન્સ GICT કોલેજમાં દાદરા તરફ પ્રથમ માળે થી નીચે ખુલ્લા પેસેજવાળી જ્ગ્યામાં પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સામવેદ હોસ્પીટલ માં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરનાં ૨/૨૫ વાગે સંયમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે ગુજરાત યુનિવર્સીટીપોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.